# કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, આણંદ કૃષિ યુનિવર્સિટી દાહોદ, ખાતે માન. પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઇ મોદી અને સ્વ સહાય જુથોની બહેનો સાથે સંવાદનું જીવંત પ્રસારણ

કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, આણંદ કૃષિ યુનિવર્સિટી, મુવાલીયા ફાર્મ, દાહોદ ખાતે તા. ૧૨.૦૭.૨૦૧૮ના રોજ માન. પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઇ મોદીનું દેશના વિવિધ વિસ્તારના સ્વ સહાય જુથોના બહેનો સાથે સંવાદનું જીવંત પ્રસારણનો દાહોદ જિલ્લાના ખેડુત બહેનો લાભ લઇ શકે તેવુ આયોજન કરવામાં આવ્યુ.

વિડિયો સંવાદમાં પ્રધાનમંત્રીશ્રીએ દેશના વિવિધ વિસ્તારના સ્વ સહાય જુથોના બહેનોએ એકબીજાની સંઘભાવનાથી તેમની આવકમાં વધારો કર્યો તેમાંથી દેશની સ્વ સહાય જુથોમાં સંકળાયેલ બહેનો પ્રેરણા લે તેમ જણાવ્યુ. સત્ર દરમિયાન, પ્રધાનમંત્રીશ્રીએ સરકારની મુખ્ય યોજનાઓનો ઉલ્લેખ કર્યો. પ્રધાન મંત્રીશ્રીએ બહેનોની આવકમાં વધારો કરવા માટે ચાર મહત્વના વિસ્તારો, જેવા કે "નવા ધંધા ચાલુ કરવા, સ્વ સહાય જુથોમાં જોડાવાથી ફાયદા, મહિલા સશક્તિકરણ અને ખેતીમાંથી આવકના વૈકલ્પિક સ્ત્રોતો"  ઉપર ભાર મુક્યો. આ પ્રસારણનો લાભ દાહોદના જુદા જુદા ગામોથી આવેલ કુલ ૯૦ ખેડુત ભાઇઓ અને સહ સહાય જુથોના બહેનો અને ૧૦ અધિકારીશ્રીઓએ ઉત્સાહભેર ભાગ લીધેલ હતો.



